નવી સેવા વર્ષ–૨૦૧૪–૧૫.
ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, અમદાવાદની વડી કચેરીના મહેકમ પરની હવાલદાર આર્મરર (વર્ગ–૩) ની ૦૩ જગ્યાઓને વહીવટી મંજુરી આપવા બાબતે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૩/૮૨૭/ફ,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ :–૧૮ /૦૭/૨૦૧૪.

વંચાણે લીધા :–

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદના પત્રક્રમાંકઃકજ/મકમ/૧૨૭૧(૧)/ ૧૪૧૮ /૨૦૧૩, તા.૨૦/૦૫/૨૦૧૩ અને પત્રક્રમાંકઃકજ/મકમ/૧૩૩૭/૨૮૩૧/૨૦૧૩, તા.૧૮/૧૨/૨૦૧૩.

ઠરાવ :–

ડાયરેકટર જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદની વડી કચેરીના મહેકમ પરના આમુખ (૧) માં દર્શાવેલ વડી કચેરીના મહેકમ ખાતેના નિયંત્રણ હેઠળની સુરત, વડોદરા અને રાજકોટ જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓમાંની આર્મરર વર્ગ–૩ ની ૦૩ જગ્યાઓ રદ કરી હવાલદાર આર્મરર(વર્ગ–૩) (પગાર ધોરણ રૂા.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૨૪૦૦) ની ૦૩ જગ્યાઓ નવી સેવામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં રૂા.૧.૨૫ લાખ ૨૫ % (પ્લાન) હેઠળ કેન્દ્ર સરકારનો હિસ્સો તથા રૂા.૪,૫૪ લાખ ૭૫ % રાજય સરકારના હિસ્સા મુજબના ખર્ચની વિગતે મંજુર થયેલ છે. નવી સેવા ૨૦૧૪–૧૫ હવાલદાર આર્મરર, વર્ગ–૩ (પગાર ધોરણ રૂા.૫૨૦૦–૨૦૨૦૦ ગ્રેડ પે–૨૪૦૦) માં અપગ્રેડ કરેલ આ જગ્યાઓ સુરત, વડોદરા અને રાજકોટ ખાતે ઉભી કરવાની બાબતને નીચે મુજબની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

શરતો :–

(૧) વર્ગ–૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણ અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ તા.૧/૮/૨૦૦૬ તથા તા.૨૯/૪/૨૦૧૦ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ તથા તા.૧૦/૫/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ પ્રમાણે ભરવાની રહેશે.

(૨) જે તે નિયમિત પગાર ધોરણવાળી જગ્યાઓના પગાર ધોરણો આર.ઓ.પી.–૨૦૦૯ પ્રમાણે છે, કે કેમ ? તે ચકાસી લેવાની જવાબદારી ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય,અમદાવાદ ની કચેરીની રહેશે.

(૩) આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની ખાલી જગ્યાઓ ભરવાને અગ્રિમતા આપવાની રહેશે તથા અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદે જોવાનું રહેશે.

(૪) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો/નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસારીને કરવાની રહેશે.

(૫) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.

(૬) રાજય સરકાર ધ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) આ નવી જગ્યાઓ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં જે તે નાણાંકીય વર્ષમાં જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે.

(૮) નવી મંજુર કરેલ જગ્યાઓ જે તે નાણાંકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યાર બાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત નાણાંકીય સલાહકારશ્રીને રજુ કરી મંજુરી મેળવવાની રહેશે.

(૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ અમદાવાદે કરવાનું રહેશે.

(૧૧) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં,બચત રહેતી રકમ વર્ષ આખરે ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,અમદાવાદના મહેકમ ખાતેના નિયંત્રણ હેઠળની સુરત ,વડોદરા અને રાજકોટ જિલ્લા હોમગાર્ડઝ કચેરીઓ માટે મંજુર આર્મરરની ૦૩ જગ્યા રદ કરેલ, હોઈ,જે પુનઃજીવિત કરી શકાશે નહી.

૨//. આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે, અને તે હેઠળ ચાલુ વર્ષ–૨૦૧૩–૧૪ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંકઃ | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૨૦૭૦–બીજી વહીવટી સેવાઓ–૧૦૭–હોમગાર્ડઝ(૧)હોમગાર્ડઝ. |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૧૦૭–ગૃહ રક્ષક દળ |
| (૫) પેટા સદર | ૦૧– MEP-25 ગૃહ રક્ષક દળ(૨૫ % કેન્દ્ર પુરસ્કૃત યોજના) |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| (૮) સ્કીમ કોડ | MEP-25 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૫૨૫ |

૩//. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૧/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય પંડયા)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

(૧) ડાયરેકટર જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજ્ય,શહીબાગ, અમદાવાદ.
(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
(૩) અગ્રસચિવશ્રી, (ખર્ચ),નાણાવિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૪) નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) બજેટ શાખા,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૬) જિલ્લા કમાન્ડન્ટશ્રી, જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ,સુરત/વડોદરા/રાજકોટ.
(૭) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સુરત/વડોદરા/રાજકોટ.
(૮) શાખા સિલેકટ ફાઈલ.



D:\Vijay Backup\Vijay\PRC\New Item 2014-15\New Item Home Guards.docx